# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 19/11/2026** **Morning : 7.10 to 7.20**
**Day : THURSDAY** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **સંસ્કૃતિ ભુંડીયા** વાંચે છે.

---

1. **મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે દાહોદ જિલ્લાના ગરબાડાના ભિંડોલમાં ગ્રામજનો સાથે સંવાદ કર્યો.**
2. **ઐતિહાસિક નગરી વડનગર ખાતે આજથી તાના-રીરી મહોત્સવનો પ્રારંભ થશે.**
3. **સુરત પોલીસે છ કરોડ રૂપિયાની છેતરપિંડી મામલે રાજકોટમાંથી વધુ ચાર આરોપીની ધરપકડ કરી.**
4. **રાજ્યમાં આગામી ત્રણ દિવસ ઠંડીમાં વધારો થવાની આગાહી.**
5. **અમદાવાદમાં ત્રીજી અખિલ ભારતીય પોલીસ બેડમિન્ટન સ્પર્ધા-2026નો આજથી શુભારંભ થશે.**

---

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

**હવે પછી આપ 7 વાગીને 45 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો..**

# CM DAHOD

દાહોદ જિલ્લાના પ્રવાસ દરમિયાન મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે ગરબાડા તાલુકાના ભિંડોલ ગામમાં ગ્રામજનો સાથે સંવાદ કર્યો હતો. તેમણે રાત્રિ રોકાણ કરી ગ્રામ જનો સાથે ખાટલા બેઠક કરી અને ગ્રામીણ નાગરિકો ની રજૂઆતો સાંભળી હતી.

દરમિયાન મહિલાઓ વડીલો સાથે વાતચીત કરી તેમણે ગ્રામીણ જન જીવનની જાણકારી મેળવી. પોતાના ત્રણ દિવસના પ્રવાસની પ્રથમ રાત્રિએ શ્રી પટેલે આદિવાસી ભજન મંડળીના ભજન કીર્તન શ્રવણનો પણ લ્હાવો લીધો હતો.

અગાઉ તેમણે આદિજાતિ તડવી પરિવારના ઘરે પરંપરાગત આદિવાસી ભોજનનો સ્વાદ માણ્યો હતો.

# TANA RIRI MAHOTSAV

ઐતિહાસિક નગરી વડનગર ખાતે ગુજરાતની અલૌકિક સંગીત બેલડી, તાના-રીરીની સ્મૃતિમાં આજથી બે દિવસ માટે 'તાના-રીરી મહોત્સવ'નો પ્રારંભ થશે.

રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગ, ગુજરાત રાજ્ય સંગીત નાટક અકાદમી-ગાંધીનગર તથા જિલ્લા વહીવટી તંત્ર-મહેસાણાના સંયુક્ત ઉપક્રમે આયોજિત આ મહોત્સવ વડનગરના ઘાસકોર દરવાજા પાસે આવેલા તાના-રીરી સમાધિ સ્થળ ખાતે યોજાશે. જેમાં દેશભરના નામાંકિત કલાકારો પોતાની કલાની પ્રસ્તુતિ કરશે.

સાંભળીએ એક અહેવાલ..

**VOICE CAST: JAYANTI CHAUDHARY**

# JUNAGADH PRIKRAM APEAL

ગિરનાર ખાતે આવતીકાલથી **24** નવેમ્બર દરમિયાન યોજાનાર પવિત્ર '**લીલી પરિક્રમા-2026**' માટે તંત્ર દ્વારા તડામાર તૈયારીઓ થઇ રહી છે.

વન અને પર્યાવરણ મંત્રી અર્જુન મોઢવાડિયાએ ગાંધીનગર ખાતેથી સર્વે શ્રદ્ધાળુઓને ગિરનાર લીલી પરિક્રમાની શુભકામનાઓ પાઠવતા પ્રકૃતિનું જતન કરવા અને સુરક્ષાના નિયમોનું પાલન કરવા અપીલ કરી છે. તેમણે પરિક્રમા પથની પવિત્રતા જાળવવા પ્લાસ્ટિકની થેલીઓ, બોટલો કે અન્ય ચીજવસ્તુઓ સાથે ન લઈ જવા અને કચરાનો યોગ્ય નિકાલ કરવા જણાવ્યું છે.

# VB G RAM G

અમદાવાદની સરદાર પટેલ રાજ્ય વહીવટ સંસ્થા (સ્પીપા) ખાતે 'વિકસિત ભારત – ગેરંટી ફોર રોજગાર એન્ડ આજીવિકા મિશન (ગ્રામીણ)' એટલે કે 'વીબી - જી રામ જી' અંતર્ગત વિકસિત ગ્રામ પંચાયત પ્લાન' અંગે એક દિવસીય કાર્યશાળા યોજાઈ. આ કાર્યશાળામાં વીબી - જી રામ જીના રાજ્ય સ્તરના અધિકારીઓ, 34 જિલ્લાઓના જિલ્લા ગ્રામ વિકાસ એજન્સીના નિયામકો તથા જિલ્લા અને તાલુકા કક્ષાના અધિકારીઓ મળી કુલ 170 અધિકારીઓ સહભાગી થયા.

આજથી 'વીબી - જી રામ જી' અંતર્ગત તમામ 34 જિલ્લાના જિલ્લા અને તાલુકા કક્ષાના આશરે 419 અધિકારીઓ માટે કુલ 10 તાલીમ શરૂ થશે.

# SURAT AAG

સુરતના સચિન **GIDC** વિસ્તારમાં હોજીવાલા રોડ પર આવેલી કાપડની ફેક્ટરીમાં ભીષણ આગની ઘટના સામે આવી છે. પ્રાથમિક તપાસ અને અનુમાન મુજબ શોર્ટ સર્કિટના કારણે આગ લાગી હોવાનું અનુમાન છે.

આગની ઘટનાને પગલે ભેસ્તાન, ઉન અને ઉધના ફાયર સ્ટેશનની 10 જેટલી ટીમો તાત્કાલિક ઘટનાસ્થળે દોડી આવી. સદનસીબે અત્યાર સુધી કોઈ જાનહાનિ થઈ હોવાના અહેવાલ નથી.

આ અંગે ફાયર ઓફિસર હરીશ ગઢવીએ વધુ માહિતી આપી.

**BYTE: HARISH GADHVI, FIRE OFFICER**

# SURAT FRAUD

સુરત પોલીસે છ કરોડ રૂપિયાની છેતરપિંડી મામલે રાજકોટમાંથી વધુ ચાર આરોપીની ધરપકડ કરી છે.

સુરત આર્થિક ગુના શાખાના **ACP** જી.આર.સરવૈયાએ જણાવ્યું હતું કે, આરોપીને તપાસ અને છેતરપિંડીની રકમની વસૂલાત માટે બે દિવસના પોલીસ રિમાન્ડ પર મોકલવામાં આવ્યા છે. આ કેસમાં ધરપકડનો કુલ આંકડો સાતે પહોંચ્યો હોવાનું પણ તેમણે ઉમેર્યું.

**BYTE: G.R. SARVAIYA, ACP**

# MID BREAK- NEWS- REGIONAL

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

ગોન્ગ મ્યુઝિક

.....

# BHAVNAGAR - FOOD SAFETY

ભાવનગર શહેરમાં ફૂડ વિભાગ દ્વારા અલગ - અલગ 3 પેઢીને ખાદ્ય પદાર્થોના નમૂના લેબોરેટરી તપાસમાં સબ-સ્ટાન્ડર્ડ જાહેર થતાં કુલ 14 લાખનો દંડ ફટકરાયો છે. જેમાં તેલની બે પેઢીને 6-6 લાખનો અને એક રેસ્ટોરન્ટને પનીરમાં ભેળસેળ બદલ 2 લાખનો દંડ કરવામાં આવ્યો છે.

આ અંગે મનપાના ફૂડ ઓફિસર દેવાંગ જોષીએ જણાવ્યું કે, ફૂડ વિભાગ દ્વારા બે કપાસિયા તેલના અને એક પનીરનો નમૂનો લેવામાં આવ્યો હતો. ત્રણેય નમૂના નાપાસ થતા આ કાર્યવાહી કરવામાં આવી.

# WEATHER FC

રાજ્યમાં આગામી ત્રણ દિવસ ઠંડીમાં વધારો થવાની આગાહી છે. હવામાન વિભાગની યાદીમાં જણાવ્યા અનુસાર આગામી દિવસોમાં લઘુત્તમ તાપમાનમાં બેથી ત્રણ ડિગ્રી સેલ્સિયસનો ઘટાડો થઈ શકે છે. જોકે ત્યારબાદ પારામાં વધારો થવાની શક્યતાને પગલે ઠંડી ઘટી શકે છે.

છેલ્લા 24 કલાકમાં રાજ્યમાં બનાસકાંઠાના ડીસામાં સૌથી નીચું તાપમાન 18.8 ડિગ્રી સેલ્સિયસ નોંધાયું હતું. ત્યારબાદ નલિયામાં 19 અને વડોદરા 19.6 ડિગ્રી સેલ્સિયસ લઘુત્તમ તાપમાન નોંધાયું હતું.

# VERAVAL MICROBIAL

ગીર સોમનાથ જિલ્લાના વેરાવળ ખાતે વિશ્વ એન્ટી માઈક્રોબિયલ રેઝિસ્ટન્સ જાગૃતિ સપ્તાહની ઉજવણી કરવામાં આવી.

આ પ્રસંગે મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી ડૉ. અરુણ રોયે જણાવ્યું હતું કે, એન્ટીબાયોટિક દવાઓનો ઉપયોગ હંમેશાં ડૉક્ટરની સલાહ અને પ્રિસ્ક્રિપ્શન મુજબ જ કરવો જોઈએ. પોતાની રીતે કે જરૂરિયાત વગર એન્ટીબાયોટિક દવા લેવાથી શરીરને નુકસાન થઈ શકે છે.

**BYTE: DR. ARUN ROY, CHIEF DISTRICT HEALTH OFFICER**

# POLICE BADMINTON

અમદાવાદમાં ત્રીજી અખિલ ભારતીય પોલીસ બેડમિન્ટન સ્પર્ધા-2026નો આજથી શુભારંભ થશે. 24 નવેમ્બર સુધી વીર સાવરકર સ્પોર્ટ્સ કોમ્પ્લેક્સ ખાતે યોજાનાર આ સ્પર્ધાનો આજે ઉદ્ઘાટન સમારોહ રાજ્ય પોલીસ વડા જ્ઞાનેન્દ્રસિંહ મલિકની અધ્યક્ષતામાં યોજાશે.

તેમણે જણાવ્યું હતું કે આ સ્પર્ધામાં વિવિધ રાજ્યો, કેન્દ્રશાસિત પ્રદેશો અને કેન્દ્રીય પોલીસ દળો મળી કુલ 38 ટીમો ભાગ લઈ રહી છે. આ ટુર્નામેન્ટમાં દેશભરમાંથી 890 પુરુષ ખેલાડીઓ તેમજ 272 મહિલા ખેલાડીઓ પોતાની ટીમનું પ્રતિનિધિત્વ કરશે.

**BYTE: GYANENDRA SINGH MALIK, DGP**

# RAJKOT - AAROHAN - AVAROHAN

રાજકોટ જિલ્લાના ધોરાજી તાલુકાના પાટણવાવ ગામે આવેલા ઓસમ પર્વત ખાતે રાજ્યકક્ષાની આરોહણ-અવરોહણ સ્પર્ધા **2026-27**નું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં જુનિયર ભાઈઓ અને બહેનો એમ બે વિભાગમાં **14** થી **18** વર્ષની વયમર્યાદા ધરાવતા સ્પર્ધકો ભાગ લઈ શકશે.

સ્પર્ધામાં ભાગ લેવા ઇચ્છુક ઉમેદવારોએ નિયત સમયમર્યાદામાં પુરાવા સાથે અરજીપત્રક ભરીને જિલ્લા રમતગમત અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓની કચેરી, રાજકોટ ગ્રામ્ય, બહુમાળી ભવન, રાજકોટ ખાતે **5** ડિસેમ્બર બપોરે **12** વાગ્યા સુધીમાં મોકલી આપવાનું રહેશે.

# AHM HERITAGE WEEK

અમદાવાદમાં આજથી 25 નવેમ્બર સુધી ‘વર્લ્ડ હેરિટેજ વીક-2026’ની ઉજવણી કરાશે. તે અંતર્ગત ભદ્ર ફેસ્ટિવલ, વોટર હેરિટેજ સિરીઝ અને ‘વારસાનો ઉત્સવ’ સહિત વિવિધ સાંસ્કૃતિક કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં ઐતિહાસિક વારસો, કલા અને સંસ્કૃતિનો સંગમ જોવા મળશે.